# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-02-2026** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હીના મોદી** વાંચે છે.

---

1) રાજ્યમાં 21 ફેબ્રુઆરીથી "સુજલામ સુફલામ જળ અભિયાન "ની કામગીરી શરૂ કરાશે.
2) દેવનીમોરીના ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષોને શ્રીલંકાનાં આંતરરાષ્ટ્રીય પ્રદર્શનમાં મુકાયા
3) અમદાવાદ મહાનગરપાલિકાનું વર્ષ 2026-27 નું 17 હજાર કરોડ રૂપિયાનું મુસદ્દા અંદાજપત્ર રજૂ કરાયું
4) અરવલ્લી જિલ્લા સાયબર ગુના શાખાએ એક કરોડ રૂપિયાથી વધુની રકમની સાયબર છેતરપિંડી ઝડપી
5) ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે 5 હજારથી વધુ જગ્યાઓ માટે ભરતીની જાહેરાત કરી
6) રાજ્ય કક્ષાની હેન્ડબોલ સ્પર્ધાનો નવસારીના બીલીમોરા ખાતે આજથી પ્રારંભ

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# SUJLAM SUFLAM

રાજ્યમાં 21 ફેબ્રુઆરીથી "સુજલામ સુફલામ જળ અભિયાન"ની કામગીરી શરૂ કરવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલેની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠક બાદ માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું, ચાલુ વર્ષે ચોમાસા પહેલા જળ અભિયાનના કામો ઝડપથી પૂર્ણ થાય અને તહેવારને લઈને શ્રમિકો વતન જતાં હોવાથી કામગીરીમાં વિલંબ ન થાય તે માટે આ અભિયાન વહેલા શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે.

(બાઇટ : જીતુ વાઘાણી, પ્રવક્તા મંત્રી)

. . . . . . . . . . . . .

# BUDDHA RELICS COLOMBO

ભગવાન બુદ્ધના પવિત્ર દેવનીમોરી અવશેષો આજે ભારતીય વાયુસેનાના ખાસ વિમાન દ્વારા શ્રીલંકાના કોલંબો પહોંચ્યા . આ પવિત્ર અવશેષોના પ્રદર્શનનું પણ આજે ઉદ્ઘાટન થયું.

આ અવશેષો સાથે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળનું ઉચ્ચ સ્તરીય ભારતીય પ્રતિનિધિમંડળ કોલંબો પહોંચ્યું જ્યાં શ્રીલંકાના બુદ્ધશાસન મંત્રી સુનિલ સેનેવી અને જાહેર વહીવટ મંત્રી પ્રોફેસર એ.એચ.એમ.એચ.અબેયરથ્ના એ તેમનું સ્વાગત કરાયું. આ અંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું લાખો લોકો આ અવશેષોના દર્શન કરશે.

(બાઇટ : હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી)

. . . . . . . . . . . . .

# AMC BUDGET

અમદાવાદ મહાનગરપાલિકાનું વર્ષ 2026-27 નું 17 હજાર કરોડ રૂપિયાનું મુસદ્દા અંદાજપત્ર આજે રજૂ કરાયું. જેમાં નહેરુનગરથી શિવરંજની ઇસ્કોન બ્રિજ સુધી એલિવેટેડ કોરિડોર બનાવવા એક હજાર કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. ઉપરાંત શહેરમાં નવા 6 રમતગમત સંકૂલ બનાવવામાં આવશે.
આ અંગે મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ વધુ માહિતી આપી.

(બાઇટ : બંછાનિધિ પાની, મ્યુનિસિપલ કમિશનર)

. . . . . . . . . . . . .

# RMC BUDGET

રાજકોટ મહાનગરપાલિકાનું વર્ષ 2026-27નું 3 હજાર 595 કરોડ રૂપિયાનું અંદાજપત્ર આજે સ્થાયી સમિતને સુપરત કરાયું. જેમાં કુલ 95 કરોડ રૂપિયાનો વેરો સૂચવાયો હોવાનું મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ જણાવ્યું.

. . . . . . . . . . . . . .

# PROCESSING FEE

ઇ નોંધણીને માટે હવે દસ્તાવેજ દીઠ 100 રૂપિયા પ્રોસેસિંગ ફી લાગુ પડશે. મહેસૂલ વિભાગના આ નિર્ણય અનુસાર રાજ્યની તમામ સબ-રજીસ્ટ્રાર કચેરીઓમાં અને ઓનલાઇન માધ્યમથી થતી નોંધણીઓમાં એકસૂત્રતા આવશે. ડિજિટલ ગુજરાતના અભિયાન હેઠળ ઇ-રજીસ્ટ્રેશનને પ્રોત્સાહન મળી રહ્યું છે ત્યારે આ નવી ફી વ્યવસ્થા પ્રક્રિયાને વધુ વ્યવસ્થિત બનાવશે . આ ફીનો મુખ્ય હેતુ ઓનલાઇન રજીસ્ટ્રેશન પોર્ટલની જાળવણી અને ટેકનિકલ સુવિધાઓને વધુ સુગમ બનાવવાનો છે.

. . . . . . . . . . . . .

# ARVALLI CYBER FRAUD

અરવલ્લી જિલ્લા સાયબર ગુના શાખાએ એક કરોડ રૂપિયાથી વધુની રકમની સાયબર છેતરપિંડી ઝડપી છે. ભિલોડાના એક વ્યક્તિના બેન્ક ખાતામાં થયેલા વ્યવહાર સંદર્ભે તપાસ કરતાં પોલીસે અમદાવાદથી બે શખ્સની ધરપકડ કરી છે. આ શખ્સના મકાનમાંથી 24 લાખ રૂપિયાની રોકડ પણ મળી આવી હોવાનું જિલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાએ જણાવ્યું.

(બાઇટ: મનોહરસિંહ જાડેજા, SP)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# GSSSB CCE

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે 5 હજારથી વધુ જગ્યાઓ માટે ભરતીની જાહેરાત કરી છે , જેમાં ગ્રુપ Aમાં 2 હજાર 365 અને ગ્રુપ B ની 3 હજાર 5 જગ્યાઓ પર ભરતી કરાશે. સમાજકલ્યાણ નિરીક્ષકની 125, કલેક્ટર કચેરી ક્લાર્કની 1600 જ્યારે જુનિયર ક્લાર્કની 3 હજાર જગ્યાઓ પર ભરતીની જાહેરાત કરવામાં આવી છે. સ્નાતકની પદવી ધરાવતા ઉમેદવારો આજથી 20 ફેબ્રુઆરી દરમિયાન ઓનલાઇન ફોર્મ ભરી શકશે.

. . . . . . . . . . . . .

# WORLD CANCER DAY

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા વિશ્વ કેન્સર દિવસ નિમિત્તે આયોજિત એક કાર્યક્રમમાં ૪૦ હજારથી વધુ નાગરીકો ઓનલાઇન યુટ્યુબ સત્રમાં લાઈવ જોડાયા હતા. બોર્ડના ચેરમેન યોગસેવક શીશપાલજીના નેતૃત્વમાં યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય કેન્સર જેવી ગંભીર બીમારી પ્રત્યેના ડરને દૂર કરવાનો અને પ્રાકૃતિક જીવનશૈલી તથા સાચા આહાર દ્વારા તેનાથી બચવાના વૈજ્ઞાનિક રસ્તાઓ સમજાવવાનો હતો.

યોગ અને પ્રાણાયામ દ્વારા કેન્સરના કોષોને કેવી રીતે મારી શકાય તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું. સત્રના અંતે તમામ દર્શકોએ પોતાની જીવનશૈલી સુધારવા અને યોગને દૈનિક જીવનનો હિસ્સો બનાવવા માટે સામૂહિક સંકલ્પ લીધો હતો.

. . . . . . . . . . . . .

# NAVSARI HANDBALL

ખેલ મહાકુંભ અંતર્ગત રાજ્ય કક્ષાની હેન્ડબોલ સ્પર્ધાનો નવસારીના બીલીમોરા ખાતે આજથી પ્રારંભ થયો છે. 17 ફેબ્રુઆરી સુધી યોજાનાર આ સ્પર્ધાના પ્રથમ રાઉન્ડમાં નવસારી, ગાંધીનગર, બોટાદ, નર્મદા, જૂનાગઢ, મહેસાણા, આણંદ અને અમરેલી જિલ્લાની ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે. 14 ફેબ્રુઆરી સુધી અલગ અલગ વયજૂથની મેચ પણ વિવિધ જિલ્લાઓ વચ્ચે નિયત શિડ્યુલ અનુસાર રમાશે. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર ક્ષિપ્રા આગ્રેએ ખેલાડીઓ સાથે મુલાકાત કરી તેમનું મનોબળ અને ઉત્સાહ વધાર્યો હતો.

. . . . . . . . . . . . .

# BHAVANAGAR KHELMAHAKUMBH

રાજ્યકક્ષાની વિશેષ ખેલમહાકુંભ એથ્લેટિક્સ સ્પર્ધામાં ભાવનગરની બહેરા મૂંગા શાળાએ 15 ચંદ્રકો જીત્યા છે. પહેલીથી ત્રીજી ફેબ્રુઆરી દરમિયાન અમદાવાદ ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં ભાવનગરની શ્રી શાહ ખીમચંદ લક્ષ્મીચંદ બહેરા મુંગા શાળાના વિદ્યાર્થીઓએ બે સુવર્ણ , 9 રજત અને 4 કાંસ્ય ચંદ્રકો જીત્યા હતા. જેમાં હિરલ બારૈયા અને જીજ્ઞેશ પ્રજાપતિએ બે-બે સુવર્ણ ચંદ્રક પોતાના નામે કર્યા હતા. આ સ્પર્ધામાં વિવિધ વય જૂથ પ્રમાણે અંદાજે 600 થી 800 ખેલાડીએ ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . .

# GATISHAKTI AIRBUS

વડોદરાની ગતિ શક્તિ વિશ્વવિદ્યાલય ખાતે સસ્ટેનેબલ એરોસ્પેસ સંશોધન ચલાવવા માટે એરબસ કંપનીનું ઉત્કૃષ્ટતા કેન્દ્ર આજે શરૂ કરાયું છે. જ્યાં શહેરી કચરાને ટકાઉ ઉડ્ડયન બળતણમાં ફેરવવા જેવી નવીન ટેકનોલોજી પર સંશોધન થશે.

આ સેન્ટરનું ઉદ્ઘાટન એરબસ ઇન્ડિયા અને દક્ષિણ એશિયાના પ્રમુખ અને મેનેજિંગ ડિરેક્ટર જુર્ગન વેસ્ટરમીયર દ્વારા કરાયું. આ પ્રસંગે રાજમાતા શુભાંગીનીરાજે ગાયકવાડ અને ગતિ શક્તિ વિશ્વવિદ્યાલયના કુલપતિ પ્રોફેસર ડૉક્ટર મનોજ ચૌધરી હાજર રહ્યા. એરબસ અને ગતિ શક્તિ વિશ્વવિદ્યાલય વચ્ચેનો આ સહયોગ દેશના એરોસ્પેસ ક્ષેત્રને મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે.

. . . . . . . . . . . . .

# CHHOTAUDEPUR COLLECTOR

બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત છોટાઉદેપુર ખાતે "કોફી વિથ કલેક્ટર" સંવાદ કાર્યક્રમ યોજાયો. જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈનની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતી , રમતગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર સહિત દિવ્યાંગ તેમજ માતા-પિતા વગરની કુલ 77 દીકરીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમમાં ઉપસ્થિત અધિકારીઓની સાથે દીકરીઓએ UPSC, GPSC, તલાટી, પોલીસ, બેંક જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે પોતાના પ્રશ્નો , અનુભવો અને મૂંઝવણો રજૂ કર્યા હતા. જિલ્લા કલેક્ટરે માર્ગદર્શન આપતાં નિયમિત અભ્યાસ, સમય વ્યવસ્થાપન , આત્મવિશ્વાસ, સતત પ્રયત્ન અને નિષ્ઠા સાથે આગળ વધવા પર ભાર મૂક્યો.

. . . . . . . . . . . . .

# KUVARGI BAVALIYA

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી કુંવરજી બાવળીયાએ ગાંધીનગરના જી.આઈ.ડી.એમ ખાતે વર્ષ ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ માટેના કુલ ૧૨૮ શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર શ્રમિકોને પારિતોષિક એનાયત કર્યા. જેમાં કુલ ૧૭ લાખ ૪૫ હજાર રૂ ના રાજ્ય શ્રમરત્ન , રાજ્ય શ્રમભૂષણ, રાજ્ય શ્રમવીર અને રાજ્ય શ્રમશ્રી અને શ્રમદેવી જેવા પુરસ્કારો નો સમાવેશ કરાયો છે.

આ તકે મંત્રી કુંવરજી બાવળિયાએ જણાવ્યું કે , હકારાત્મક ઉદ્યોગ નીતિ અને ઝડપી કામગીરી દ્વારા ગુજરાત આજે પ્રગતિના શિખરો સર કરી રહ્યું છે.તેમણે શ્રમયોગીઓને નવી શોધોને અમલી કરવા , સમયાંતરે જરૂરી ટેકનિકલ તાલીમના આયોજન અને તેમના મનોવલણોને સમજી ઉદ્યોગોને નવીન ઊંચાઈ હાંસલ કરવા અનુરોધ કર્યો હતો.

. . . . . . . . . . . . .

# RUSHIKESH PATEL – APPOINTEMENT LETTER

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી ઋષિકેશ પટેલે ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્ય વીજ ઉત્પાદન નિગમ લિમિટેડ - GSECLમાં ડૉક્ટર, જુનિયર ઇજનેર સહિત કુલ ૨૯૨ ઉમેદવારોને નિમણૂક પત્ર એનાયત કર્યા હતા.આ તકે તેમણે કહ્યું કે સરકારી સેવામાં કાર્ય પ્રત્યેની નિષ્ઠા અને વફાદારી રાખવાથી વેતનની સાથે સફળતા તેમજ પ્રતિષ્ઠા પણ મળશે.

તેમણે કહ્યું ઊર્જા વિભાગના કર્મયોગીઓ વિવિધ આપત્તિ સમયે જીવના જોખમે ૨૪×૭ કામ કરીને જરૂરિયાતવાળા વિસ્તારમાં ઝડપી વીજળી પુનઃસ્થાપિત કરવાનું ભગીરથ કામ કરે છે જે હંમેશા પ્રસંશનીય છે તેમણે વધુમાં કહ્યું કે ગુજરાતની વીજ કંપનીઓ અને કર્મયોગીઓના પરિશ્રમથી રાજ્ય સરકારને અનેક એવોર્ડ પણ પ્રાપ્ત થયા છે.

. . . . . . . . . . . . .